# હિંમતનગર તાલુકાના દેરોલ ગામે વૃક્ષારોપણ સંમેલન યોજાયું



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના દેરોલ ગામે સામાજીક વનીકરણ વિભાગ અને તિરૂપતિ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે હિંમતનગર, ઈડર અને પ્રાંતિજના સરપંચશ્રીઓનું વૃક્ષારોપણ સંમેલન યોજાયું હતું.

રાજય સરકારના વાવે ગુજરાતના અભિગમને ચરિતાર્થ કરવા વન મહોત્સવના અભિયાનના અભિગમને બિરદાવતા ગ્રીન એમ્બેસેડર જીતુભાઈ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાએ ઉજવાતા કાર્યક્રમોને તાલુકા કક્ષાએ ઉજવવાનું શરૂ કરતાં છેવાડાના માનવી સુધી મહોત્સવોની મહેંક પ્રસરી હોવાનું જણાવ્યું હતું. ચાલુ વર્ષે તાલુકાના ગામવાર રૂટ નિયત કરી ગામડાઓમાં વધુને વધુ વૃક્ષો વાવીને હરિયાળું ગુજરાત બનાવી, છોડમાં રણછોડની વિભાવનાને ચરિચાર્થ કરવા વન વિભાગ કટિબધ્ધ હોવાનું ઉમેર્યું હતું.

વૃક્ષારોપણ સંમેલનમાં સામાજીક વનીકરણ વિભાગના નાયબ વનસંરક્ષક વસાવડાએ જણાવ્યુંહતું કે ગ્લોબલ વોર્મિંગની અસરથી ગુજરાતને બચાવવા રાજય સરકારે એક અલગ વિભાગ કાર્યરત કર્યાનો ઉલ્લેખ કરી વાવે ગુજરાત કાર્યક્રમને સાર્થક કરવા ગામની પડતર જમીનમાં કે ખેતરોના શેઢા પાળા ઉપર દેશી કુળના અથવા ફળાઉ વૃક્ષોનું વધુને વધુ વાવેતર કરવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. આ તબક્કે ગામના સરપંચશ્રીઓ જિલ્લામાં અલગ અલગ સ્થળોએ એક કરોડ રોપાઓને ઉછેર કરવાના અભિગમને સાર્થક કરવા સહભાગી બનવાની અપીલ કરી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણી ઉદ્યોગપતિ અને વૃક્ષપ્રેમી રેવાભાઈ પટેલે માનવજીવનમાં સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં ઉપયોગી એવા તુલસી, વાંસ, પીપળો અને વડ જેવા અનેક વૃક્ષોની ઉપયોગીતા અને મહત્વ સમજાવી ગ્લોબલ વોર્મિંગથી થતાં ફેરફારોને અટકાવવા વૃક્ષોનો ઉછેર અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. માનવ જીવનને નિરોગી રાખવા રાજય સરકારની પંચવટી યોજના હેઠળ વડ, આસોપાલવ, બીલી, આંબળા ને પીપળ જેવા પાંચ જુદા જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવે છે તેમ પટેલે જણાવી વધુને વધુ વૃક્ષો વાવી પ્રકૃતિના પુજારી બનવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં હિંમતનગર પ્રાંત અધિકારી જે.ડી. પટેલ, મામલતદાર રીંકેશ પટેલ, તાલુકા વિકાસ અધિકારી વસંત સોલંકી સહિત વન વિભાગના અધિકારીઓ, વૃક્ષપ્રેમીઓ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# બનાસકાંઠા જિલ્લામાં ચાલુ ટ્રકમાંથી ખાદ્ય સામગ્રી ચોરતી ગેંગ ઝડપાઈ

## ટ્રક પાછળ જીપ-ડાલુ લગાવી ખાદ્યચીજો ચોરતી ટોળકીનાં પાંચ સભ્યોને ઝડપી લેતી એલ.સી.બી. પોલીસ

પાલનપુર, તા. ૧૭

હિન્ધી ફિલ્મ 'પ્લેયર્સ'માં ચાલુ ટ્રેને સરકારી સોનાની ચોરી કરતાં ફિલ્મી પ્લોટને અનુસરતી ઘટના સરહદી બનાસકાંઠા જિલ્લામાં પ્રકાશમાં આવી છે. બનાસકાંટા જિલ્લામાં ચાલુ ટ્રકમાંથી ખાદ્યસામગ્રી ચોરતી ગેંગ એલ.સી.બી. પોલીસના હાથે ઝડપાતા ચકચાર મચી જવા પામી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે પર ખાદ્ય સામગ્રી ભરીને પુરઝડપે દોડતી ટ્રકોમાંથી જીવના જોખમે ટ્રક પાછળ જીપડાલુ લગાવી ખાદ્ય સામગ્રીની ચોરી કરતી ગેંગને ચોક્કસ બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધી છે. એલ.સી.બી. પોલીસના પોલીસકર્મી પ્રકાશગીરીએ આપેલી સિલસિલાબંધ વિગતો મુજબ, ચાલુ ટ્રક પાછળ ડાલુ લગાવી ચોખાના કટ્ટા, સોયાબીન તેલ સહિતની ખાદ્યસામગ્રીની ૫૦ થી વધુ ચોરીઓ કરનાર ગેંગ સક્રિય હોવાની બાતમી એલ.સી.બી. પી.આઈ. આર. કે. પટેલને મળી હતી.

ક્રાઈમ બ્રાંચના પી.આઈ. આર. કે. પટેલે મળેલી બાતમીના આધારે શિહોરી પોલીસને સાથે રાખી શિહોરી નાળામાં વોચ ગોઠવી હતી. દરમિયાન ચાલુ ટ્રક પાછળ ડાલુ લગાવી તસકરી કરતી ગેંગના સભ્ય (૧) અયુબખાન અસરફખાન પઠાણ રહે. વડાવલ, તા. ચાણસ્મા, જિ. પાટણ (૨) પ્રકાશજી રણછોડજી માજીરાણા રહે. સોતમલા, તા. ડીસા (૩) વથોજી ઉર્ફે વર્ધીલાલ શંકરજી ઠાકોર રહે. ટાંયણા, તા. કાંકરેજ (૪) બકાજી નાગરજી ઠાકોર રહે. ટોયણા, તા. કાંકરેજ (૫) ભાવેશજી પ્રધાનજી ઠાકોર રહે. આંબલીવાસ, થરા, તા. કાંકરેજ વાળાને જીપડાલા નં. જીજે-૩-૫-૬૬૧૪ સાથે ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. શિહોરી પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આરોપીઓના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં રાત્રિએ ત્રણ જગ્યાએ તસ્કરો ત્રાટક્યા

ગાંધીનગર, તા.૧૭

પાલનપુરમાં તસ્કરરાજ હોય તેમ તસ્કરો બેફામ બન્યા છે. પોલીસ તંત્રને ખુલ્લે આમ પડકાર ફેકી રહ્યા છે તેવો ગંભીર બનાવો ગત રાત્રિએ બનવા પામ્યા છે. જેના પરિણાને પાલનપુરવાસીઓ તસ્કરોથી હતપ્રત બનેલ છે. એક જ રાત્રિમાં ત્રણ બનાવો બનતાં લોકો ગભરાઈ ગયા છે.

પ્રથમ કિસ્સો પાલનપુરના માનસરોવર રોડ, પ્રકાશ નગરમાં કિરણબેન પઢિયારને ત્યાં બનેલ છે. કિરણબેનના પતિ કનુભાઈ ફુલ લઈ લગ્નમાં શણગારવા ગયેલ હતા ત્યારે કિરણબેન ઘરમાં એકલા હતા. ત્યારે રાત્રિના ૩.૦૦ વાગ્યાના સુમારે કોઈ અજાણ્યા તસ્કરોએ ઘરની બારી દ્વારા પ્રવેશીને તિજોરી ખોલવા પ્રયત્ન કરતાં હતા ત્યારે કિરણબેન અવાજથી જાગી જતાં ચોર જોઈને હબકી ગયા હતા. કોણ છે કહેતા જ તસ્કરે કટાર બતાવીને ઘરમાંથી જે કંઈ હોય તે આપી દેવા જણાવેલ હતું. નહિતર તારો ને છોકરાને જાનથી મારી નાખીશું. જેથી તિજોરીમાં રૂા. ૧૫૦૦૦/- રોકડા ઉઠાવીને લઈ ગયા હતા. તસ્કરો અજાણી ભાષામાં વાતચીત કરતા હતા.

શહેરમાં બીજો ચારીનો કિસ્સો ટેકનીકલ સ્કુલ ગઠામણ ગેટ પાસેના એક એજ્યુકેશન સેન્ટર પર પણ તસ્કરોએ લક્ષ્ય બનાવેલ હતું. ત્રણેય રૂમોના તાળા લોખંડની કોસથી તોડી તેમાં પડેલા છ સીપીયુ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/-ની ચોરી થવા પામી હતી.

ત્રીજો બનાવ શહેરના કોલેજ કંપાઉન્ડમાં તસ્કરો લક્ષ્ય બનાવેલ હતું. આશીષભાઈ મગનભાઈ પઢીઆરના મકાનમાં સ્ટોપર તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. જેમાં ટીવીવાળા રૂમમાં રૂા. ૨૦,૦૦૦/- તથા મોબાઈલની ચોરી કરી થઈ હતી.

આ ત્રણેય કિસ્સાઓની પોલીસ ફરિયાદ થયેલ છે. પોલીસ તમામ પ્રયત્નો તસ્કરો ઝડપવા માટે હાથ ધરેલ છે.

# ડીસા તાલુકાની ૯ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું પરિણામ જાહેર કરાયું

ડીસા તાલુકાની ૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી ૧૫મી એપ્રિલના રોજ યોજાયા બાદ આજે ડીસા મામલતદાર કચેરી ખાતે મતગણતરી હાથ ધરાતા ઉમેદવારોના સમર્થકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ઉત્તેજનાના માહોલ સાથે પરિણામની રાહ જોતા હતા. જોકે સૌપ્રથમવાર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઈ.વી.એમ. મશીનનો ઉપયોગ થયો હતો. એટલે જલદી પરિણામ મળી જતા લોકોની અધિરાઈનો અંત આવ્યો હતો.

ડીસા તાલુકાની ૯ ગ્રામપંચાયતની ચૂંટણીનું પરિણામ જાહેર થતા વિજેતા ઉમેદવારોને તેમના સમર્થકોએ અબીલ ગુલાલ અને ફૂલહારથી વધાવી લઈ વિજય સરઘસ કાઢી આતશબાજી કરી હતી. જ્યારે હારેલ ઉમેદવારો અને તેમના સમર્થકોમાં સન્નાટો મચી જવા પામ્યો હતો અને પરિણામો વિપરીત આવતા ટપોટપ નિકળી ગયા હતા.

બનાસકાંઠા જિલ્લાની ૯૬ ગ્રામ પંચાયતની ચૂંટણી ૧૫ એપ્રિલના રોજ યોજાયા બાદ ડીસા તાલુકાની ૯ ગ્રામ પંચાયતોની આજે ડીસા મામલતદાર કચેરી ખાતે મતગણતરી હાથ ધરવામાં આવતા ઉમેદવારોના સમર્થકોના ટોળા વિશાળ સંખ્યામાં વાહનોના કાફલા સાથે મામલતદાર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા. ઈ.વી.એમ. મશીનથી વોટીંગ થયેલ હોવાથી ફટાફટ પરિણામ જાહેર થયા હતા. ઉમેદવારો અને સમર્થકોમાં કહી ખુશી કહી ગમનો માહોલ સર્જાયો હતો. છેલ્લા એક મહિનાથી તનતોડ મહેનત અને પાણીની જેમ રૂપિયા ખર્ચનાર ઉમેદવારોમાં સવારથી જ ઉત્સુકતા અને ઉત્તેજનાનો માહોલ જોવા મળતો હતો. બોહળી સંખ્યામાં ઉમટી પડેલ સમર્થકોને લઈને અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. પરિણામ જાહેર થયા બાદ જીતેલા ઉમેદવારો તેમના સમર્થકોમાં ઉત્સાહનો માહોલ વર્તાયો હતો. પરાજીત ઉમેદવારો અને તેમના સમર્થકોમાં નિરાશા વ્યાપી જવા પામી હતી. જ્યારે કાંટા ગ્રામપંચાયતમાં ચાલુ સરપંચ શંભુજી મણાજી ઠાકોરના પત્નિ જીજાબેન ઠાકોર વિજેતા બનતા તેમના સમર્થકોમાં આનંદ છવાયો હતો.

# હિંમતનગરના બીજા એડીશનલ ચીફ મેજીસ્ટ્રેટનો ચેક રીટર્ન કેસમાં સીમા ચિન્હરૂપ ચૂકાદો

હિંમતનગર, તા.૧૭

ચેક રીટર્નના એક કેસમાં આજે હિંમતનગર ચીફ જયુડીશીયલ કોર્ટના મેજિસ્ટ્રેટ એ ચુકાદો જાહેર કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી અનુસાર આ કેસની વિગત એવી છે કે ફરિયાદી નવીનતભાઈ ઈશ્વરભાઈ પટેલ (રહે. મહાવીરનગર, હિંમતનગર) તથા આરોપી કમલેશભાઈ વેણાભાઈ પટેલ (રહે. હિંમતનગર) મળી નવભારત ગેસના નામે ભાગીદારીમાં ગઢોડા મુકામે ધંધો ચલાવતા હતા. જે સબાંધે કમલેશભાઈએ નવનીતભાઈ પાસે હાથ ઉછીની લોન રૂ. ૧૩ લાખની માંગણી કરતા તે રકમ તેઓના જણાવ્યા મુજબ કમલેશભાઈને સને ૨૦૦૦માં ચૂકવી હતી. જે રકમની થોડા સમય બાદ નવનીતભાઈએ કમલેશભાઈ પાસે ઉઘરાણી કરતાં કમલેશભાઈએ રૂપિયા પાંચ લાખનો ચેક સાબરકાંઠા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો.ઓ. બેંક લી. હિંમતનગર શાખાનો તા. ૫ એપ્રિલ ૨૦૦૦નો ચેક (નં. ૦૫૪૫૩૭) આપ્યો હતો જે બેંકમાં રજૂ થતા વગર સ્વીકૃત થયેલ નવનીતભાઈને પરત મળ્યો હતો.

આ સંદર્ભે નવનીતભાઈ પટેલે હિંમતનગરના ચીફ જયુડીશીયલ મેજી. ની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં. ૧૨૩૯/૨૦૦૦થી નેગોશીએટ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ આરોપી કમલેશભાઈ વેણાભાઈ પટેલ સામે કેસ દાખલ કરી સજાની માંગણી કરી હતી. જે કેસ હિંમતનગરની કોર્ટમાં ચાલી જતા બંને પક્ષના પુરાવા દલિલો તથા હકીકતો અને સંજોગોને ધ્યાને લઈ હિંમતનગર એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી. પી.સી. રાવલે તા. ૩૦મી માર્ચ ૨૦૧૨ના રોજ વિસ્તૃત છણાવટ કરી કમલેશભાઈ પટેલને ૧૩૮ના ગુન્હામાંથી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે તેવું જાણવા મળ્યું છે. આ ચૂકાદાના પગલે હાલ આ મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

# સાબરકાંઠા જિલ્લાની ૨૭ ગ્રામ પંચાયતોની ચૂંટણીનાં પરિણામ જાહેર

હિંમતનગર, તા. ૧૭

ગ્રામ પંચાયતની ચૂંટણીના બીજા રાઉન્ડમાં હિંમતનગર તાલુકાની માત્ર એક સાચોદર ગ્રામ પંચાયતમાં સરપંચ અને બે સભ્યો માટે રવિવારે મતદાન યોજાયું હતું. જેની મતગણતરી આજે મામલતદાર કચેરી ખાતે યોજાઈ હતી. જેમાં ત્રણ ઉમેદવાર વિજયી બન્યા હતા.

મળતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાની માત્ર એક સાચોદર ગ્રામ પંજચાયતમાં સરપંચ અને બે સભ્યો માટે રવિવારે ૧૩૬૦ મતદારોમાંથી ૧૨૦૨ મતદારોએ ઈ.વી.એમ. દ્વારા મતદાન કર્યું હતું. જેની મતગણતરી મંગળવારના રોજ હિંમતનગર મામલતદાર કચેરી ખાતે સવારે ૯ કલાકે મામલતદાર રીન્કેશ પટેલની અધ્યક્ષતામાં શરૂ કરવામાં આવી હતી. મતગણતરીમાં ટાઉન પી.એસ.આઈ. જે.એમ.આલ, ચૂંટણી અધિકારી શૈલેષ પ્રજાપતિ, મદદનીશ મુકુંદભાઈ પટેલ અને બી.કે. શાહ જોડાયા હતા. અડધો કલાકમાં પરિણામ આવી ગયું હતું. જેમાં સરપંચના ચાર ઉમેદવારોમાંથી મનીષભાઈ ડાહ્યાભાઈ પટેલ ૪૦ મતે વિજયી થયા હતા. જ્યારે વોર્ડ નં. ૧માં સભ્ય તરીકે મહિલા શકુન્તલાબેન પોપટભાઈ પટેલ ૧ મતે તથા વોર્ડ નં. ૪ મા સભ્ય તરીકે જયંતીભાઈ ગોપાલભાઈ પટેલ ૪૯ મતે વિજયી બન્યા હતા. વિજેતા સરપંચ અને બે સભ્યોને મામલતદાર અને અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ઈડર, મોડાસા, ભિલોડા અને તલોદ સહિતના સાત તાલુકામાં પણ ૨૭ ગ્રામ પંચાયતોના સરપંચો અને સભ્યોની ચૂંટણીનું મતદાન રવિવારના રોજ યોજાયું હતું. અને તેના પરિણામ પણ આ સાથે જ જાહેર થઈ ગયા હતા.

# જાણીતા પત્રકાર પ્રવીણભાઈ સોનીનું દુઃખદ અવસાન

મેઘરજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકાના વતી અને સતત પાંચ દાયકા સુધી પત્રકાર ક્ષેત્રે કામગીરી કરી ચૂકેલા તાલુકાના વરિષ્ઠ પત્રકાર પ્રવિણભાઈ મંગળદાસ સોનીનું ગત તા. ૧૫ એપ્રિલ ૨૦૧૨ને રવિવારના રોજ પ્રાતઃ કાળે હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું.

પ્રવિણભાઈએ પોતાના જીવનકાળ દરમિયાન અનેક નાના-મોટા સામાજીક કાર્યોમાં પોતાની સેવાઓ આપી છે. તેઓએ પાછલા ૪૦ વર્ષથી પત્રકારત્વ ક્ષેત્રે સંકળાઈ પોતાની કોઠા સૂઝથી તેમણે અનેક લોકોના સામાજીક વ્યવહારીક કાર્યોમાં મદદ કરી હતી. તેઓના અકાળે અવસાનથી પત્રકાર જગતમાં ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પત્રકાર જગતમાં જનસત્તા-લોકસત્તાના જિલ્લા પત્રકાર તરીકે તથા સમભાવ અને ગાંધીનગર સમાચાર સાથે જોડાઈ લાંબી સેવા આપેલ વરિષ્ઠ પત્રકાર સ્વર્ગસ્થ પ્રવિણભાઈ સોનીનું બેસણું તા. ૧૯મી એપ્રિલ ૨૦૧૨ના રોજ મેઘરજ પોલીસ સ્ટેશનની નજીક આવેલા ખડાયતા સમાજના હોલમાં સવારે ૧૧ થી ૪ દરમિયાન રાખવામાં આવ્યું છે.


**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઓન લાઈન જાહેર નિવિદા નં. ૩ સને ૨૦૧૨-૧૩**

| | | |
|---|---|---|
| ૧. | કામનું નામ | સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતેનું રમલેશ્વર તળાવ ઉંડુ કરવાની અને વિકસાવવાની કામગીર |
| ૨. | અંદાજિત રકમ રૂ. લાખમાં | રૂ. ૧૧.૦૩ લાખ |
| ૩. | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન) | તા. ૨૩-૪-૨૦૧૨ |
| ૪. | કચેરીનું સરનામું ટેલીફોન નંબર | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી હિંમતનગર સિંચાઈ વિભાગ, હડિયોલપુલ, છાપરીયા, હિંમતનગર-૩૮૩૦૦૧. ફોન નં. ૦૨૭૭૨-૨૪૨૭૧૦ |

વધુ જાણકારી માટે www.statetenders.com અને www.nprocure.comનો સંપર્ક કરવો.
ક્રમાંક નામાનિ/હિંમત/૨૨/૨૦૧૨


# રાજ્ય વ્યાપી ભાજપ કિસાન હિત યાત્રાના સમાપન બાબતે બનાસકાંઠા ભાજપની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુના નેતૃત્વમાં રાજ્યમાં પરિભ્રમણ કરતી કિસાન હિતયાત્રા આગામી તા. ૨૮ અને ૨૯ એપ્રિલે બનાસકાંઠા જિલ્લાના વિધાનસભા ક્ષેત્ર દીઠ પરિભ્રમણ કરશે અને થરામાં સમાપન થશે.

આ યાત્રાના સ્વાગતની તૈયારી અર્થે આજે બનાસકાંઠા જિલ્લા ભાજપ અધ્યક્ષ ડૉ. કે.એસ. મોગરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી જિલ્લાની બેઠકમાં પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ મંત્રી અને જિલ્લાના પ્રભારી અરજણભાઈ રબારી અને કે.સી. પટેલે માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે જિલ્લા ઈન્ચાર્જ ગીરીશભાઈ જાગાણીયાએ વિવિધ જવાબદારીઓ માટે ઈન્ચાર્જોની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ નૈકાબેન પ્રજાપતિ, ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, અનિલભાઈ માળી, ધારાસભ્ય પરબતભાઈ પટેલ સહિત અનેક અગ્રણી કાર્યકરો અને જિલ્લાના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

## જાજમ બિછાવાય છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માંગીએ તો સરકાર ગેગે ફેફે થઈ જાય છે.

આ સભાને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાએ સંબોધતાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના ફાળવેલા પૈસા અન્ય ખર્ચાઓ પાછળ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે ખેડૂતોને પાણી અને વીજળી મળતા નથી. ડાર્કઝોન ઉઠાવી લીધા પછી કેટલા ખેડૂતોને આ વર્ષે વીજકનેકશન અપાશે તેની વિગતો કેમ સરકાર જાહેર કરતી નથી. ગુનાખોરી વધી રહી છે તે પણ ચિંતાજનક છે.

આ પરિવર્તન યાત્રા આજે સવારે ૯.૦૦ કલાકે સેક્ટર-૨૨, પંચદેવ મંદિરથી ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી મેયરશ્રી યુસુફભાઈ પરમાર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી પ્રવિણભાઈ પટેલ, પક્ષના નેતાશ્રી ચિમનભાઈ વિંઝુડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી શ્રી નિશિતભાઈ વ્યાસ તેમજ જિલ્લા પ્રભારી પંકજભાઈ સી. પટેલે લીલી ઝંડી આપી યાત્રાને શહેર તરફ પ્રસ્થાન કરાવ્યું હતું.

આ યાત્રામાં મહાનગરપાલિકાના કોંગ્રેસના કોર્પોરેટરો, શહેરના અગ્રણીઓ, કોંગી કાર્યકરો તથા યુથ કોંગ્રેસ/એન.એસ.યુ.આઈ.ના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. આજે ગાંધીનગર શહેરમાં આ યાત્રાને ખુબજ સુંદર પ્રતિભાવ મળ્યો હતો. શહેરના તમામ સેક્ટરોમાં વિવિધ સમાજના ભવનો પાસે તેમજ શોપીંગ સેન્ટરો ખાતે નગરજનો દ્વારા ખુબજ મોટી સંખ્યામાં સ્વયંભુ રીતે બહાર આવી ઢોલ નગારા, ફૂલહાર તેમજ આર્શીવચનોથી ઉમળકાભેર સ્વાગત કરવામાં ાવેલ હતું. પ્રારંભમાં શહેર પ્રમુખ મુકેશ પટેલે સ્વાગત પ્રવચન કરતાં સરકારે કરેલા ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા માટે યોજાયેલી આ રેલીને પાટનગરના પ્રજાજનોએ આપેલા આવકાર માટે અભિનંદન આપી આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પ્રજાના નાણાંનો દુર્વ્યય કરનાર આ સરકારને હટાવવાનો સંકલ્પ એ જ આ રેલીની સફળતા છે.

## મેડીકલ કોલેજની તપાસ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ડિયાની ટીમ ઈન્સ્પેક્શન માટે આવી રહી છે અને તે અંગે અમે સંપૂર્ણ તૈયાર છીએ.

મળતી વિગતો પ્રમાણે કોલેજ માટે જરૂરી એવી ૩૦૦ પથારીની સુવિધા સાથેની હોસ્પિટલ પણ છે. આ ઉપરાંત જરૂરી શૈક્ષણિક સ્ટાફની ભરતી કરી દેવામાં આવી છે. આ કોલેજ માટે ઉવારસદ અને અડાલજના આરોગ્ય કેન્દ્રો ઉપરાંત બે અન્ય આરોગ્ય કેન્દ્રોની પસંદગી તાલિમ કેન્દ્ર તરીકે પણ કરી લેવામાં આવી છે.

મેડીકલ કાઉન્સીલની ટીમ સમક્ષ મેડીકલ કોલેજના કેમ્પસનું એક નાનકડો ટેબ્લો પણ ડીનની કચેરી નજીક તૈયાર કરી રજુ કરવામાં આવ્યો છે. આ વેળાએ ઈન્સ્પેકશન દરમ્યાન ખાસ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ઉપરાંત કોલેજના બિલ્ડીંગમાં ઉભી કરાયેલી સુવિધાઓ પણ બનાવવામાં આવશે.

કોલેજની મંજૂરી માટે જરૂરી એવુ એનોટોમી, ફિઝીયોલોજી તેમજ પેથોલોજીના પ્રદર્શન તેમજ લેબોરેટરીઓ પણ તૈયાર કરી દેવામાં આવી છે. હાલ કોલેજ માટે બે મજલાની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે જેમાં આધુનિક લાયબ્રેરી સહિત ઘણી બધી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્ર સફળ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૩૦૦ પથારીની સુવિધા હોવા ઉપરાંત આગામી બે વર્ષમાં જ વધુ ૪૫૦ જેટલી પથારીની સુવિધા પણ ઉભી કરી દેવામાં આવનાર છે. અને આ માટેનું જરૂરી આયોજન પણ કરી દેવામાં આવ્યું છે.

૧૫૦ બેઠકોની મંજૂરી કોલેજના સત્તાવાળાઓ દ્વારા માંગવામાં આવી છે. મેડીકલ કાઉન્સીલની આ ટીમ બે દિવસના ઈન્સ્પેક્શન દરમ્યાન સિવિલની સુવિધા તેમજ કોલેજ બિલ્ડીંગ અને તાલિમ કેન્દ્રોની સુવિધાઓ સહિત વિવિધ પાસાંઓની તપાસ કરનાર છે.

મેડીકલ કોલેજોના અધ્યાપકોની હડતાલના કારણે કાઉન્સીલની ટીમ જે વહેલી આવવી જોઈતી હતી તેમાં વિલંબ થયો છે પણ હવે ગુરૂવારે આ ટીમ આવી રહી હોવાની વાતને લઈ શહેરના શિક્ષણ પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

## સામાન્ય સભા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામગીરી સોંપવા માટેની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકાર નિભાવ ગ્રાન્ટ અલગથી ફાળવે તો મહાનગરપાલિકા આ કામગીરી સંભાળવા તૈયાર હોવાનું જાણવા મળેલ છે. જો કે આ અંગેનો નિર્ણય સામાન્ય સભામાં ચર્ચાને અંતે લેવાશે.

આજની બેઠકમાં સરકારે મિલ્કતવેરા લાગુ કરવાની આપેલી મંજૂરીની સત્તાવાર જાહેરાત પણ કરાશે.

આ બેઠકમાં ભાજપ દ્વારા સફાઈના મુદ્દે શાસક પક્ષને ભીંસમાં લેવા ઉપરાંત રાજ્ય સરકારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ફાળવેલ રૂ. ૧૦ કરોડની ફાળણી કરી છે તેને લઈ સરકારનો આભાર માનતો પ્રસ્તાવ તેમજ જર્નુમમાં ગાંધીનગરના સમાવેશ માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવાની બાબતનો પ્રસ્તાવ રજુ કરનાર છે.

બન્ને પક્ષો દ્વારા તેમની વ્યુહરચનાને આખરી ઓપ સભ્યો સાથેની બેઠક બાદ આપવામાં આવનાર હોવાથી રાજકીય ઉત્તેજનાઓ વધુ ફેલાયેલી છે.

## કર્મચારીઓ આંદોલનના માર્ગે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પેન્શનલ ગ્રેજયુટીના લાભ આપવા, છઠ્ઠા પગાર પંચ મુજબ વાહન, મુસાફરી અને શિક્ષણ ભથ્થું ચુકવવા તબીબી ભથ્થાની જગ્યાએ મેડીકલ પોલિસી આપવી, નિવૃત્તિ મર્યાદા ૬૦ વર્ષ કરવા ઉપરાંત કર્મચારીઓને રાહતદરે પ્લોટની ફાળવણી કરવા સહિત કુલ ૧૨ પડતર પ્રશ્નોના ઉકેલ માટે માંગણી કરવામાં આવી છે. આ મામલે આજદીન સુધી કોઈ પગલાં ન લેવાતા રાજયના તમામ સંઘો-મહાસંઘો, મહામંડળોનું આગામી તા. ૨૮ એપ્રિલના રોજ ચોટીલા ખાતે અધિવેશન યોજવામાં આવનાર છે. આ તબક્કે સરકારની કર્મચારી વિરોધી નીતિને અનુલક્ષી આગામી દિવસોમાં આંદોલનની રાહ અપનાવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601